**Ranpur Police Station FIR NO-11190006260433/2026**
**B.N.S. Section-308(6), 308(2), 126(2), 115(2) & G.P. ACT-135**

---

**આરોપી નામે:-(૧) આકાશભાઈ ગોવિંદભાઈ વાઘેલા, ઉ.વ.૨૭, (૨) ગોવિંદભાઈ બચુભાઈ વાઘેલા, ઉ.વ.૬૫, બંને રહે.બગડ, તા.રાણપુર, જી.બોટાદવાળાની જામીન અરજી લગત હુકમ..**

---

૧) સાંભળ્યા, આ કામની જામીન અરજી તથા રજુ થયેલ પોલીસ પેપર્સ વંચાણે લીધા. આ કામના આરોપી વિરુધ્ધ રાણપુર પો.સ્ટે. **FIR NO.11190006260433/2026, B.N.S.Section-308(6), 308(2), 126(2), 115(2) & G.P. ACT-135** મુજબનો ગંભીર પ્રકારનો ગુન્હો નોંધાયેલ છે જે ગુન્હાના કામમાથી જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. એપીપીશ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળેલ છે.

૨) આરોપીના વિ.વ.શ્રીનાઓએ રજુઆત કરી જણાવેલ છે કે આરોપીએ આવો કોઈ ગુનો કરેલ નથી. તેમને ખોટી રીતે ગુનાના કામે સંડોવવામા આવેલ છે. આરોપી નિદોર્ષ છે. હાલનો કેસ ચલાવવાની અત્રેની અદાલતને સતા છે અને કોર્ટ જામીન પણ આપી શકે છે. આરોપી કયાંય નાશી ભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તેમજ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર હોય જેથી જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

૩) એપીપીશ્રીને સાંભળ્યા. તેઓના જણાવ્યા મુજબ સદરહુ ગુનો ગંભીર પ્રકારનો છે તેમજ આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવે છે અને તેઓનો પ્રાઈમાફેસી રોલ જણાય આવે છે જેથી જામીન પર મુકત કરવા ન જોઈએ. જેઓ દલીલો કરતા જણાવે છે કે હાલના આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. જેથી હાલની આ જામીન અરજી નાંમંજુર કરવા અરજ કરેલ છે.

૪) ઉભયપક્ષની દલીલ સાંભળી, ગુનાના કામે એફ.આઈ.આર. ધ્યાને લીધી. આ કામના આરોપી નં.૧ થી ૩ ફરીયાદીના સ્કુટીને ઓવર ટેક કરી ફરીયાદીનુ સ્કુટી ઉભી રખાવી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ ફરીયાદીને આરોપી નં.૧

નાએ ફરીયાદીને બે લાફા મારી તેમજ આરોપી નં.૨ નાએ ફરીયાદીને લાકડીનો એક ઘા બરડામા મારી મુઢ ઈજા કરી તેમજ ફરીયાદીને એટ્રોસીટી કેસમા અને આ કામના આરોપી નં.૨ ના દીકરાના ખુન કેસમાં સલવાડી દેવાની ધમકી આપી રૂ.૧૦૦૦૦/– ની માંગણી કરેલ હોય તેમજ આરોપી નં.૩, ૪ તથા અગાઉ મરણ ગયેલ સંજયભાઈ ગોવિંદભાઈનાઓએ એટ્રોસીટીના કેસમા ફસાવી દેવાની ધમકી આપી રૂ.૨૮૦૦૦/– પડાવી લઈ ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી મહે. અધિક જીલ્લા મેજી.સા.બોટાદના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી આરોપી સામે ગંભીર ગુનાનો આક્ષેપ છે. તેમજ આરોપી સામેના આક્ષેપિત ગુનો ધ્યાને લેતા બી.એન.એસ.ની કલમ–**308(6)** મા ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડની સજાની જોગવાઈ છે. તેમજ ફરીયાદપક્ષે રજુ કરેલા પેપર્સ જોતા પ્ર ાઈમાફેસી આરોપીનો રોલ જણાય આવે છે તેમજ આરોપીઓ સામે ગુનાહીત હતિહાસ ધરાવે છે. તેવા સંજોગોમા બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ ધ્યાને લેતા અત્રેની અદાલતને પ્રાપ્ત થયેલ વિવેકબુધ્ધિની સતા અનુસાર જયારે હાલના આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ હોય આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચીત જણાય આવતુ ન હોય, આરોપીની જામીન અરજી લગત નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**–: હુકમ :–**

- **આરોપીની જામીન અરજી ના:મંજુર કરવામાં આવે છે.**

હુકમ આજરોજ તારીખ :: 12 મી, માહે–ઓગષ્ટ, સને–2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ 12-08-2026<br>રાણપુર | [ જે. એમ. દવે ]<br>જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાર્સ<br>રાણપુર<br>Code GJ-01627 |